અનાદિ: આદિમાન્ ચ ૫-૪૨

સૂત્રાર્થ: આ પર્યાયો (પરિણામ) અનાદિ પણ હોય છે અને આદિવાળા (આદિમાન) પણ હોય છે.

ભાવાર્થ: જેની આદિ નહિ તે અનાદિ અને જેની આદિ હો તે આદિમાન અથવા સાદિ કહેવાય. બીજા શબ્દોમાં કહીએ તો અમુક કાળે શરૂઆત થઈ એમ જેના માટે ન કહી શકાય તે અનાદિ.
દા.ત. મેરૂપર્વતનો આકાર અનાદિ છે.
અમુક કાળે શરૂઆત થઈ એમ જેના માટે કહી શકાય તે સાદિ, અથવા આદિમાન
દા.ત. ઘડો (જ્યારે માટીમાંથી બનાવ્યો ત્યારે તેની શરૂઆત થઈ)
ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય વગેરે દ્રવ્યોમાં અસંખ્યાત અને અનંતપ્રદેશ-વાળા પણું જે છે તે પર્યાયો અનાદિ છે.
જીવમાં જ્ઞાનાદિ ગુણ-વાળાપણું અનાદિ છે પરંતુ જ્ઞાનાદિ ગુણોમાં જે હાનિ-વૃદ્ધિ (ઘટ-વધ) થાય છે તે સાદિ છે. જીવમાં સુખીપણું + દુઃખીપણું, ધનવાનપણું નિર્ધનપણું આ બધા પર્યાયો સાદિ છે.

રૂપિષુ આદિમાન્ ૫-૪૩

સૂત્રાર્થ: રૂપી દ્રવ્યોમાં પર્યાયો આદિવાળા છે.

ભાવાર્થ: રૂપી દ્રવ્ય પુદ્ગલ છે. જો સ્થૂલ હોય તો ચક્ષુથી જોઈ શકાય છે. તેમાં થતા ઉત્પાદ-વ્યય જણાય છે. જેમ કે પુસ્તક, મકાન વગેરે ઉત્પન્ન થતા અને નાશ પામતા નજરે દેખાય છે, માટે તે પર્યાયો આદિવાળા છે. કોઈ વ્યવહાર નયથી સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયો પરિવર્તનવાળા હોવાથી સાદિ જ છે, પરંતુ જેના પર્યાયો જણાતા નથી તથા પ્રતિસમયમાં થતું પૂરણ-ગલન (પરિવર્તન) નજરમાં દેખાતુ નથી તેવા પર્યાયોને અનાદિ કહ્યા છે.

યોગ - ઉપયોગૌ જીવેષુ ----- ૫-૪૪

સૂત્રાર્થ: જીવમાં યોગ અને ઉપયોગને આશ્રયી જે પર્યાયો થાય છે તે તે પર્યાયો આદિમાન છે.

ભાવાર્થ: મનયોગ, વચનયોગ અને કાયયોગ એ પુદ્ગલ દ્રવ્ય હોવાથી આત્માની પર દ્રવ્ય છે. તેના નિમિત્તથી આત્મામાં પ્રદેશોનું જે હલનચલન થાય છે તે યોગ છે. આ યોગ પ્રતિક્ષણે બદલાય છે તેથી આદિમાન છે.
હવે આત્મા જ્ઞાન અને દર્શન દ્વારા જે ઉપયોગ મૂકે છે તે પર્યાય કહેવાય છે. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમને અનુસારે પ્રતિસમય આ જીવ પોતાનામાં રહેલા જ્ઞાન અને દર્શન નામની ગુણાત્મક શક્તિનો જે વપરાશ કરે છે તે પર્યાય કહેવાય છે.
યોગાત્મક પર્યાયો અન્ય દ્રવ્યના (મન-વચન-કાયારૂપ) સંયોગવાળા છે અને ઉપયોગાત્મક જે પર્યાયો છે તે જીવ દ્રવ્ય આશ્રિત છે પર દ્રવ્ય નહિ. જીવમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણેય ગુણો હોવાથી ઉપયોગ કહેવાય અને મન, વચન, કાયાની ચેષ્ટા એ પર દ્રવ્ય આશ્રિત હોવાથી યોગ કહેવાય.
મન-વચન-કાયાની સહાયથી જીવમાં જે પ્રવૃત્તિ થાય તે યોગ. જ્ઞાન, દર્શન, ચારિત્રની શક્તિમાં જીવનું તલ્લીન (concentrate થવું) અને વધ-ઘટ થવું તે ઉપયોગ કહેવાય. ઉપયોગ સ્વદ્રવ્યઆશ્રિત છે અને યોગ પરદ્રવ્યઆશ્રિત છે.
કેવળી ભગવંત ૧૪ મા ગુણસ્થાને હોય અથવા મોક્ષે જાય ત્યારે યોગ વિનાના બને છે પણ ઉપયોગ વિનાના બનતા નહિ, કેવળીભગવંતમાં કેવળજ્ઞાનની શક્તિનો વપરાશ તે ઉપયોગ કહેવાય છે.